નામ.હાઈકોર્ટ મેટર/ટોચ અગ્રતા

નં.એમએજી-૧/ડોમસાઈલ/જિ.સમિતિ/વશી/૭૭/૧૮

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
મોરબી
તા.૧૦/૦૭/૨૦૧૮

**વિષય:-** ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી બાબતે જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવા બાબત.

**સંદર્ભ:-** ૧. ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૦૬/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ)

૨. ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૦૯/૦૭/૨૦૧૮ ના પત્ર ક્રમાંક MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ)

::હુકમ::

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના ફાઈલ ક્રમાંક એમસીજી/ ૨૦૧૮/૧૨૨૧/જ અન્વયે ગૃહ વિભાગ,ગાંધીનગરના સંદર્ભમાં જણાવેલ ઠરાવથી સરકાર દ્વારા રચાયેલ એડમીશન કમીટી ફોર અન્ડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસના પ્રવેશ બાબતે ડોમીસાઈલ સર્ટીફીકેટ રજુ કરવા નક્કી કરવામાં આવેલ છે. અને ડોમીસાઈલ સર્ટી હોય તેને જ પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતિ ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી માટે ઉક્ત ઠરાવથી સમિતિની રચના કરવામાં આવેલ છે. જે હકીકતે જિલ્લા કક્ષાએ ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી માટે નીચે મુજબના અધિકારીઓની નિયુકતી કરી સમિતિની રચના આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનો હોદો | સમિતિનો હોદો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી,મોરબી / વાંકાનેર / હળવદ | અધ્યક્ષ |
| ૨ | એ.સી.પી.યુ.જી.એમ.ઇ.સી. કોર કમીટી દ્વારા નિયુક્ત પ્રવેશ સમિતિના અધિકારી/કર્મચારી | સભ્ય |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,મોરબી, જિલ્લા,મોરબી | સભ્ય |
| ૪ | મામલતદાર-૨,કલેક્ટર કચેરી,મોરબી | સભ્ય |

સંદર્ભના ઠરાવની સુચના મુજબ અત્રેથી નિયુક્ત કરવામાં આવેલ અધ્યક્ષશ્રીઓએ સબંધિત સભ્યયોના સંકલનમાં રહી સુચના મુજબ અમલવારી કરી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં ઠરાવની સુચના મુજબ ડોમીસાઈલ સર્ટીફીકેટની વેરીફીકેશન પ્રકીયા પૂર્ણ કરી ફાઈનલ યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમીટીને રજુ કરવાની રહેશે.

બિડાણ:- સંદર્ભ(૧) અને (૨)ના ઠરાવની નકલ

(આર.જે.માકડિયા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
મોરબી જિલ્લા

**નકલ સવિનય રવાના**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) ચેરમેનશ્રી, કોર કમિટી એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સી, GMERS, મેડીકલ કોલેજ, સેક્ટર-૧૨, ગાંધીનગર

**નકલ રવાના અમલવારી અર્થે:**

(૧) પ્રાંત અધિકારશ્રી, મોરબી/વાંકાનેર/હળવદ
(૨) મામલતદારશ્રી-૦૨, કલેક્ટર કચેરી,મોરબી
(૩) મામલતદારશ્રી,મોરબી/માળીયા મી./વાંકાનેર/ટંકારા/હળવદ
(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મોરબી જિલ્લા,મોરબી

Scanned by CamScanner